## સંક્ષિપ્ત સમાચાર

## શિનોર છોટુભાઈ એ. પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વિશેષ સગર્ભા વોર્ડ તૈયાર કરાયો



**શિનોર :** શિનોર તાલુકા હેલ્થ ઓફિસ, તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા શ્રી છોટુભાઈ એ. પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રના આરોગ્યકર્મીઓના સંકલિત પ્રયાસોથી શિનોર તથા તેની આસપાસના વિસ્તાર તેમજ નર્મદા નદીકાંઠાના ગામોમાં રહેતી નજીકની સંભવિત પ્રસૂતિ તારીખ ધરાવતી સગર્ભા માતાઓનું લાઇન લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. તે મુજબ તાલુકા હેલ્થ ઓફિસ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના લાઇન લિસ્ટમાંથી 19 સગર્ભા માતાઓ તથા શ્રી છોટુભાઈ એ. પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં નિયમિત સગર્ભા સંભાળ લેતી 9 સગર્ભા માતાઓ, એમ કુલ 28 સગર્ભા માતાઓને વિશેષ સગર્ભા વોર્ડમાં સમયસર દાખલ કરવામાં આવી છે. અહીં નિષ્ણાત સ્ત્રીરોગ તબીબો અને પ્રશિક્ષિત નર્સિંગ સ્ટાફ દ્વારા તેમની સતત આરોગ્ય સંભાળ રાખવામાં આવી રહી છે.

ઇન્ટીગ્રિટી ઇનફ્રા ડેવલોપર્સ લિમિટેડ વડોદરા દ્વારા આ કામ હલકી ગુણવત્તાનુ કરવામાં આવ્યુ હોવાની લોકચર્ચા

# સંખેડા થી બંગલી તરફના માર્ગ પર રૂ.૧૨૧.૯૯ કરોડના ખર્ચે બનાવેલુ નાળુ ચાર મહિનામાં જ ધોવાયું

ટોકરી કોતરમાં પાણી આવતા સ્લેબ ડ્રેઈનની નીચે માટી ધોવાઈ

હજુ તો આખુ ચોમાસુ બાકી છે ત્યારે ગામલોકોને મોટા અકસ્માતનો ભય સતાવી રહ્યો છે



(પ્રતિનિધી) સંખેડા, તા.20 સંખેડાના તડવી સમાજ ની વાડી પાસેથી બંગલી ફડીયા તરફ જતા એપ્રોઇ રોડની આ રોડ પર પાણીના નિકાલ માટે 50 મીટરના અંતરે બે નાળા બનાવવામાં આવ્યા હતા આ કામ માટે સરકારે 150 લાખની મંજૂરી અને 121.99 લાખનો ટેન્ડર આપ્યું હતું મુશળધાર વરસાદ પડતા ની સાથે જ બંને નાડા વચ્ચે માટી ધોવાઈ ગઈ સંખેડા - તડવી સમાજની વાડી તરફ જવાના રસ્તા પર આશરે 4 મહિના પહેલા બનાવવામાં આવેલ નવા સ્લેબ ડ્રેઈન અને RCC રસ્તાની કામગીરીમાં ગંભીર બેદરકારી સામે આવી છે. ટોકરી કોતરમાંથી પાણી આવતા જ સ્લેબ ડ્રેઈનના નીચેના ભાગની માટી ધોવાઈ ગઈ છે. જેના કારણે ડ્રેઈન બેસી જવાનો ભય સર્જાયો છે. એટલું જ નહીં, બનેલા સ્લેબ ડ્રેઈનની સાઈડમાં પણ ધોવાણ થતાં મોટી તિરાડો પડી ગઈ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે કામગીરી પૂર્ણ થયાના થોડા જ મહિનામાં આ હાલત થઈ છે. સરકારી ભંડોળમાંથી બનેલા આ ડ્રેઈનમાં નબળી સામગ્રી અને નબળું કામ કરવામાં આવ્યું હોવાથી જ આ સ્થિતિ સર્જાઈ છે.

વરસાદના પાણીનો નિકાલ કરવા માટે બનાવેલા ડ્રેઈન જ જો આવી રીતે ધોવાશે તો વરસાદી સિઝનમાં આ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા ઉભી થશે તેવી ભીતિ લોકો વ્યક્ત કરી રહ્યા છે. ગ્રામજનોએ તંત્રને તાત્કાલિક તપાસ કરીને નબળી કામગીરી કરનારા કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવા અને ડ્રેઈનનું સમારકામ કરી મજબૂત બનાવવાની માંગ કરી છે.

## વેજલપુરમાં સામાન્ય બાબતે બે જૂથ વચ્ચે ધીંગાણું

(પ્રતિનિધી) કાલોલ, તા.2 પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ગામના હોળી ચકલા વિસ્તારમાં ગઈ તા. ૩૧ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજના આશરે ૫:૩૦ વાગ્યાના સુમારે તકરાર અને મારમારીનો બનાવ બન્યો હતો. કચરો ફેંકવા અને મકાનની સીડી બનાવવા જેવા મામુલી મુદ્દે બે જૂથો વચ્ચે બોલાચાલી બાદ હિંસક અથડામણ થઈ હતી. આ મામલે વેજલપુર પોલીસ સ્ટેશનમાં સામસામે (ક્રોસ) ફરિયાદો નોંધાવવામાં આવી છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડાયા અને પોલીસ કાર્યવાહી બંને પક્ષે થયેલી મારમારીમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સરકારી (સિવિલ) હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટના સંદર્ભે વેજલપુર પોલીસે બંને પક્ષની ફરિયાદોના આધારે બી.એન.એસ. (BNS) તથા જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની વધુ તપાસ આદરી છે.

## દાહોદ કલેક્ટર સુરભિ ગૌતમે સિંગવડના સુરપુર અને નવીપરી ગામની દફતર તપાસણી કરી



**સિગવડ :** દફતર તપાસણી અને ગ્રામજનો સાથે સંવાદ કલેક્ટરએ બંને ગામોમાં સરકારી કચેરીઓના રેકોર્ડ, વિકાસ કામો અને વિવિધ યોજનાઓની કામગીરીની વિગતવાર તપાસ કરી હતી. ત્યારબાદ ગામલોકો સાથે બેઠક યોજીને તેમના પ્રશ્નો અને રજૂઆતો સાંભળી હતી બેઠક દરમિયાન મુખ્યત્વે નીચેના વિષયો પર ચર્ચા કરવામાં આવી: જેમાં આરોગ્ય: પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા, દવાઓનો જથ્થો અને સ્ટાફની ઉપસ્થિતિ, આંગણવાડી: બાળકોને મળતો પોષણયુક્ત આહાર, સુવિધાઓ અને શિક્ષિકાઓની કામગીરી અને શાળા: પ્રાથમિક શાળામાં શિક્ષકોની હાજરી, મિડ-ડે મિલ, શૌચાલય અને અન્ય સુવિધાઓ કલેક્ટર સુરભિ ગૌતમે ગ્રામજનોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સંબંધિત અધિકારીઓને લોકોની સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

કરજણના ખેરડા ગામે ઢાઢર નદીનો પુર પ્રકોપ જેવા દ્રશ્યો

# વરસાદી પાણી ભરાતા નવી નગરી' સંપર્ક વિહોણી: ૯૦ જેટલા પરિવારો ફસાયા

(પ્રતિનિધી) કરજણ, તા.2 વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આવેલું ખેરડા ગામ હાલ કુદરતી આફતનો સામનો કરી રહ્યું છે. ઢાઢર નદીમાં જળસપાટીમાં સતત થઈ રહેલા વધારાને કારણે ગામની પરિસ્થિતિ ગંભીર બની છે. ખાસ કરીને, ગામમાં આવેલી 'નવી નગરી' નામની વસાહત સંપૂર્ણપણે સંપર્કવિહોણી બની ગઈ છે, જેના કારણે અંદાજે 80 થી 90 પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ખેરડા ગામની નજીકથી પસાર થતી ઢાઢર નદીમાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે પાણીનો પ્રવાહ ખૂબ જ વધી ગયો છે. આ પાણી ગામની આસપાસના કોતરો અને ખાડીઓમાં ફરી વળ્યું છે. પરિણામે, ગામને 'નવી નગરી' સાથે જોડતો મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ થઈ ગયો છે.



આ સ્થિતિને કારણે નવી નગરીના રહેવાસીઓનો ગામ સાથેનો સીધો સંપર્ક તૂટી ગયો છે. આશરે 80 થી 90 પરિવારો ધરાવતી નવી નગરીના લોકો માટે આ એક મોટી સમસ્યા બની ગઈ છે. દૈનિક જરૂરિયાતની વસ્તુઓ, તબીબી સહાય કે અન્ય કોઈ તાત્કાલિક કામ માટે પણ તેમને ગામ સુધી પહોંચવું અશક્ય બન્યું છે. પાણીનો પ્રવાહ એટલો તેજ છે કે કોઈ પણ વ્યક્તિ માટે આ પાણીમાંથી પસાર થવું જોખમી સાબિત થઈ શકે છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા આ પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે, પરંતુ ઢાઢર નદીમાં પાણીની સપાટી સતત વધી રહી હોવાથી રાહત અને બચાવ કાર્યમાં પણ પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ગામલોકોમાં ભયનો માહોલ છે અને તેઓ ઝડપથી આ પરિસ્થિતિમાંથી બહાર આવવાની આશા રાખી રહ્યા છે. આવી કુદરતી આફતો સમયે સ્થાનિક પ્રશાસન અને સામાજિક સંસ્થાઓ દ્વારા તાત્કાલિક પગલાં લેવા અત્યંત આવશ્યક છે. નવી નગરીના ફસાયેલા પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડવા અને તેમને જરૂરી મદદ પૂરી પાડવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવે તે સમયની માંગ છે.

## છોટાઉદેપુરના અછાલા ગામે કૂવામાં ખાબકેલા દીપડાનું રેસ્ક્યું



છોટાઉદેપુર : અછાલા ગામમાં કૂવામાં દીપડો ખાબકવાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ભારે દોડધામ મચી ગઈ હતી. દીપડો કૂવામાં પડ્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતા આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ગ્રામજનો કૂવા નજીક એકત્ર થઈ ગયા હતા. જોકે, ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમે તાત્કાલિક મોરચો સંભાળ્યો હતો અને આશરે ૫ કલાકની ભારે જહેમત બાદ દીપડાને હેમખેમ બહાર કાઢવામાં આવ્યો હતો.વન વિભાગના જણાવ્યા અનુસાર, દીપડાની તબીબી તપાસ કર્યા બાદ તેને અનુકૂળ અને સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે.

## કરજણની સાંઈ સુમેરું સોસાયટીમાં ગટર ઉભરાતા રહીશો ત્રાહીમામ



(પ્રતિનિધી) કરજણ, તા.2 હાલ ચોમાસાનુ ઋતુ ચાલી રહીશ છે. અને એક તરફ વરસાદ ની તબાહી છે વરસાદના કારણે જ્યારે જુઓ ત્યાં પાણી જ પાણી. પરંતુ કરજણ નવા બજાર વિસ્તારમાં આવેલી સાંઈ સુમેરું સોસાયટીમાં ગટરોનું પાણી ઉભરાતા રહીશોમાં રોષ જોવા મળ્યો હતો. એક તરફથી સોસાયટી માં વરસાદી પાણીનો નિકાલ નથી ઉપરથી ગટરોનું પાણી બેક આવતા લોકોના ઘરોમાં પાણી ઉભરાતું જોવા મળ્યું હતું. રહીશો દ્વારા કરજણ નગરપાલિકા ને વારંવાર રજૂઆતો કરવા છતાં ગટરોની સમસ્યાઓનો હલ લાવી શક્યા નથી. એમ કરજણ નગરપાલિકા કરોડોના ખર્ચે ગટરો માટે મોંઘી દાટ મશીનરી લાવ્યા છે તેં પણ નિષ્ફળ નીકળી હોય તેવું લાગી રહ્યું છે. ચોમાસાની ઋતુ પહેલાજ પ્રિ મોન્સૂન કામગીરી ફક્ત ફોટા પડાવવા ના હોય તેમ લાગતું હતું. આખરે સાંઈ સુમેરુના રહીશો ને મીડિયા ના સહારે આવવું પડ્યું. સમાચાર પ્રસિદ્ધ થયાં પછી શુ તંત્ર ની આંખ ખુલશે? તેં જોવાનું રહ્યું.

## કરજણ નગરમાં પ્રિ-મોન્સૂન કામગીરીના દાવા પોકળ, જૈદ રેસિડેન્સીના લોકોને હાલાકી



**કરજણ :** કરજણ નગર વિકાસ અને પ્રગતિના પંથે આગળ વધી રહ્યું હોવાનો દાવો કરે છે, ત્યાં ચોમાસા પૂર્વેની નગરપાલિકાની કામગીરીની પોકળતા ફરી એકવાર ઉજાગર થઈ છે. વરસાદની ઋતુ હજી પૂરા જોશમાં શરૂ પણ નથી થઈ ત્યાં જ ગટર ઉભરાવાની સમસ્યાઓએ માથું ઊંચક્યું છે, અને આ કોઈ એકલદોકલ ઘટના નથી. કરજણ નગરમાં આજે બીજી વખત, અને તે પણ જુદી જુદી સોસાયટીઓમાં, ગટરો ઉભરાવાની સમસ્યાએ નગરપાલિકાના દાવાઓની પોલ ખોલી નાખી છે. આ સમસ્યાનું સૌથી ગંભીર સ્વરૂપ જૈદ રેસિડેન્સી સોસાયટીમાં જોવા મળી રહ્યું છે. છેલ્લા બે મહિનાથી આ સોસાયટીના રહીશો ઉભરાતી ગટરોની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. આ ગંદકી અને દુર્ગંધને કારણે રોગચાળો ફાટી નીકળ્યો હોવાના આક્ષેપો સોસાયટીના રહીશો કરી રહ્યા છે. સ્વચ્છતા અને આરોગ્ય એ કોઈપણ સુવ્યવસ્થિત સમાજની પાયાની જરૂરિયાત છે, પરંતુ જૈદ રેસિડેન્સીના નાગરિકોને આ મૂળભૂત અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે.

## ડભોઈમાં વોર્ડ ૪ના મહિલા કોર્પોરેટરના પતિ વિરુદ્ધ ફરિયાદ

(પ્રતિનિધી) ડભોઇ, તા.2 ડભોઈ કાજી મસ્જિદ થી ભૂરા મહોલ્લા તરફ જતા માર્ગ પર નગર પાલિકા દ્વારા પાણી ની લીકેજ લાઈન ના સમારકામ માટે મસમોટો ઊંડો ખાડો ખોદાયો હતો.સમારકામ બાદ પણ ચાર દિવસ થી ખુલ્લો ખાડો સતત વરસાદ માં પણ જોખમી રીતે ખુલ્લો રાખી મૂકેલ હોય ભાજપ લઘુમતી મોરચા ના હોદ્દેદારો ધ્વારા પાલિકાનું ધ્યાન દોરી ખાડો પૂરાવ્યો હતો.જેના ફોટો સોશિયલ મીડિયામાં મૂકતા કોંગ્રેસના મહિલા કોર્પોરેટર ના પતિ ધ્વારા અભદ્ર કોમેન્ટ કર્યા બાદ મારામારી અને ધાકધમકી આપી હતી. જેથી તેની વિરુદ્ધ પોલીસ ફરિયાદ થતા ચકચાર મચી જવા પામી છે. ડભોઈ ના વોર્ડ 04 માં દશાલાડ વાડી,કાજી મસ્જિદ થી ભૂરા મહોલ્લા તરફ જતા માર્ગ પર નગર પાલિકા ધ્વારા 10 ફૂટ પહોળો અને 06 ફૂટ ઊંડો ખાડો ખોદી પાણીની લાઈન નું લીકેજ સમારકામ કરાયું હતું.જે બાદ માં પણ ખુલ્લો ખાડો જાહેરમાર્ગ પર જોખમી રીતે યથાવત રાખ્યો હતો. જેમાં આઠ જેટલા લોકો અકસ્માતે ખાડા માં પડવાના બનાવ પણ બન્યા હતા.જેથી ભાજપ લઘુમતી મોરચાના હોદ્દેદારો એ ચીફ ઑફિસરનું ધ્યાન દોરી જે.સી. બી.મંગાવી તાત્કાલિક ખાડો પૂર્યો હતો. અને સોશ્યલ મીડિયામાં કામગીરી ને ઉજાગર કરી હતી. ત્યારે વિસ્તારના મહિલા કોર્પોરેટર સમીરા અંસારના પતિ અબ્દુલ અંસાર ધ્વારા કોમના ગદ્દાર અને મુસ્લિમ સમાજના દુશ્મનો પોતાના મકસદમાં કામયાબ નહીં થાય તેવી વૈમનસ્ય ફેલાવતી કોમેન્ટ કરી હતી જેથી મામલો બિચક્યો હતો.

## કાલોલના ઈન્દિરા વસાહતમા વરસાદી પાણી ઘૂસ્યા

કાલોલ : કાલોલના ઈન્દિરાનગર વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યા વર્ષો જૂની છે.છેલ્લા 24 કલાકના અવિરત વરસાદને કારણે કાલોલ નગર ઈન્દિરા વસાહતમાં સમગ્ર ઈન્દીરાનગર વસાહતમાં લોકો વસવાટ કરે છે આ વસાહત માં પાણી ઘૂસવા ને કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે વસાહત ના લોકોના અનાજ પાણીને નુકસાન થયું છે. કેટલાય ઘરોમાં પાણી ભરાઈ ગયા છે અને ઘણા બધા ઘર પાણીમાં ડૂબ્યા છે.આ વસાહતમાં હજારો લોકો વસવાટ કરે છે ઈન્દિરા નગર તળાવ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા વર્ષોથી ચાલી આવી છે પરંતુ તેનું કાયમી કોઈ ઈલાજ કરાતુ નથી આજે બારે મેઘ ખાંગા થતા લોકોના ઘરોમાં પાણી ભરાતા વસાહતના લોકો મુશ્કેલીમાં મુકાયા હતા અને ધીરે ધીરે ઈન્દિરા નગર વસાતના લોકો ઘરો ની બહાર નીકળી રહ્યા છે.

ભારે વરસાદને પગલે જોખમ ટાળવા પાલિકા-વહીવટી તંત્રે નિર્ણય લીધો

# કાલોલના 3 મુખ્ય કોઝ-વે બંધ કરી વાહન વ્યવહાર પર પ્રતિબંધ મૂકાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.2 કાલોલ તાલુકાના ઉપરવાસમાં ભારે વરસાદ અને નદીઓમાં પાણીની સપાટી વધવાને પગલે કાલોલ નગરપાલિકા દ્વારા જાહેર સુચના બહાર પાડવામાં આવી છે.અને નગરપાલિકા તંત્ર દ્વારા જાહેર જનતાને સુચના આપવામાં આવી છે કે, કાલોલ નગરપાલિકાને સંલગ્ન નજીકના વિસ્તારમાં આવેલ ગોળીબાર કોઝ-વે, દોલતપુરા કોઝ-વે, ઘોડા ગામ તરફ જવાનો કોઝ-વે તથા અન્ય નાના કોઝ-વે ધરાવતા વિસ્તારોમાં ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ ઉપરોક્ત કોઝ-વેના વિસ્તારમાંથી અવરજવર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.



કાલોલ નગરપાલિકા તંત્ર એ વધુમાં જણાવ્યું છે કે નાગરિકોએ કોઈપણ સંજોગોમાં અવરજવર કે વાહન વ્યવહાર માટે આ કોઝ-વેનો ઉપયોગ કરવો નહીં. તેમજ નદીના પટ કે પાણીના વહેણના વિસ્તારમાં પણ અવર-જવર કરવી નહીં સાથે ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નદીમાં પાણીનો પ્રવાહ વધી ગયો હોય કોઝ-વે પર ક્ષમતાથી વધુ પાણી આવવાની શક્યતા છે જેના કારણે જાનહાનિની શક્યતા રહેલી છે. તંત્ર દ્વારા નાગરિકોને સહયોગ આપી સલામતી જાળવવા અપીલ કરવામાં આવી છે. ત્યારે નાગરિકોએ તંત્રની સૂચનાનું પાલન કરી પોતાનો અને પરિવારનો જીવ બચાવવા અનુરોધ કરાયો છે.

અનોખી અને ચમત્કારિક ઘટના બનતા લોકોમાં આશ્ચર્ય અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો

# ઓરસંગ નદીના કિનારે "તરતો પથ્થર" મળી આવ્યો

**કેટલાક લોકો** તેને શુભ સંકેત માની રહ્યા છે તો કેટલાક લોકો તેને પ્રકૃતિનો ચમત્કાર કહી રહ્યા છે



(પ્રતિનિધી) સંખેડા, તા.2 છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં ગઈકાલે એક અનોખી અને ચમત્કારિક ઘટના બની છે. સંખેડાની જીવાદોરી સમાન ઓરસંગ નદીના કિનારેથી એક એવો પથ્થર મળી આવ્યો છે જે પાણીમાં ડૂબવાને બદલે તરે છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ગઈકાલે બપોરે સંખેડાના એક યુવકને નદી કિનારે ફરતી વખતે આ અસામાન્ય પથ્થર હાથ લાગ્યો હતો. જ્યારે તેણે પથ્થરને પાણીમાં મૂકીને જોયો તો તે તરવા લાગ્યો. સામાન્ય રીતે કોઈપણ પથ્થર પાણીમાં ડૂબી જતો હોય છે, પરંતુ આ પથ્થર હળવો અને પ્યુમિસ સ્ટોન પ્રકારનો હોવાનું મનાઈ રહ્યું છે. આવા પથ્થરોમાં હવાના સૂક્ષ્મ છિદ્રો હોય છે જેના કારણે તેની ઘનતા પાણી કરતા ઓછી થાય છે અને તે તરે છે. વૈજ્ઞાનિક રીતે તેને "પ્યુમિસ" અથવા "જ્વાળામુખીનો પથ્થર" કહેવામાં આવે છે. પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં આવા પથ્થરને "તરતો પથ્થર" અથવા "ચમત્કારિક પથ્થર" તરીકે જોવામાં આવે છે.

હાલમાં આ તરતો પથ્થર બઝાર રોડ, સંખેડા સ્થિત ગુજરાત હોટલ ખાતે રાખવામાં આવ્યો છે. પથ્થર મળ્યાના સમાચાર ફેલાતા જ લોકો તેને જોવા માટે હોટલ પર ઉમટી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પણ આ પથ્થરનો 20 સેકન્ડનો વીડિયો વાયરલ થયો છે જેમાં પથ્થરને પાણીમાં તરતો બતાવવામાં આવ્યો છે. ઓરસંગ નદીને સ્થાનિક લોકો શ્રદ્ધા સાથે જુએ છે. આવા તરતા પથ્થર મળતા લોકોમાં અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ છે. કેટલાક લોકો તેને શુભ સંકેત માની રહ્યા છે તો કેટલાક લોકો તેને પ્રકૃતિનો ચમત્કાર કહી રહ્યા છે. પુરાતત્વ અને ભૂસ્તરશાસ્ત્રના નિષ્ણાતોનું કહેવું છે કે આવા પથ્થર નદીના પ્રવાહ સાથે દૂરથી વહીને આવી શકે છે. હાલ આ તરતો પથ્થર સંખેડા માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

## હાલોલ પાવાગઢ રોડ ઘરકંકાસ બાદ પરપ્રાંતીય યુવકનો આત્મહત્યાનો પ્રયાસ

હાલોલ : પ્રાથમિક માહિતી મુજબ, બંને પતિ પત્ની વચ્ચે ઘરેલુ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો ઉગ્ર બનતાં યુવકે પત્ની સાથે મારામારી કરી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ તેણે પોતાના ગળાના ભાગે ધારદાર પત્રી મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે તેને ગંભીર ઈજા પહોંચી હતી અને ભારે રક્તસ્ત્રાવ શરૂ થયો હતો.ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

## સેગવા ખાતે સ્ટોરેજ ગોડાઉનમાં વરસાદી પાણી ઘૂસતાં ૫.૬૭ લાખનું ખાતર બગડ્યું

(પ્રતિનિધી) શિનોર, તા.2 વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સેગવા છેલ્લા 24 કલાક દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે સેગવા ખાતે આવેલા શિનોર તાલુકા ખરીદ-વેચાણ સંઘના કુભકો કોમ્યુનિટી કમ સ્ટોરેજ સેન્ટરના ભોંયરાના ગોડાઉનમાં વરસાદી પાણી ઘૂસી જતાં અંદાજે 5 લાખ 67 હજારનું ખાતર બગડી જવાની ઘટના સામે આવી છે. ગોડાઉનમાં સંગ્રહિત કુલ 1,994 ખાતરની બેગ વરસાદી પાણીમાં પલળી જતાં ઉપયોગ લાયક રહી નહોતી. તેમાં 1,840 યુરિયા ખાતરની બેગ, 100



સાગરિક ખાતરની બેગ, 48 એસ.એસ.પી. ખાતરની બેગ અને 6 ડી.એસ.પી. ખાતરની બેગનો સમાવેશ થાય છે. ભારે વરસાદના કારણે ગોડાઉનમાં પાણી ભરાઈ જતાં ખાતર પાણીમાં ઓગળી ગયું હતું, જેના કારણે ખરીદ-વેચાણ સંઘને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.